**<u>મુદ્દા નં. ૪(૧) (ખ)(૧) :</u> સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમના કાર્યો અને ફરજોની વિગતો :**

સુરત મહાનગરપાલિકા , પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ સુરત શહેરમાં આવેલ ૩૧૭ પ્રેક્ષકોની બેઠક ક્ષમતા ધરાવતો ફુલ એરકન્ડીશન્ડ ઓડીટોરીયમ છે. જેમા વુડન સ્ટેજ તથા ૨ ડ્રેસીંગ રૂમ તથા સ્વચ્છ પાણીની સવલત ઉપલબ્ધ છે.

ઓડીટોરીયમ શહેરીજનો તેમજ અન્ય નાગરિકો માટે સેમીનાર , પ્રવચન, નાટકો, નૃત્ય, ગીત સંગીત, ભજન-ડાયરો, મુશાયરો, કવ્વાલી, મેજીક શો, બીઝનેશ મીટીંગ, ઇનામ વિતરણ, શાળાકીય અને સામાજીક સાંસ્કૃતિક જેવા કાર્યક્રમોનું આયોજન કરવા માટે નિયત કરેલ સમયખંડમાં અને ચોક્કસ નિતિ નિયમોને આધીન ભાડેથી આપવામાં આવે છે. ઓડીટોરીયમ ભાડે રાખવા ઇચ્છા ધરાવનાર સંસ્થા કે વ્યક્તિ www.suratmunicipal.gov.in વેબસાઇટ પરથી ઓનલાઇન અથવા પૂર્વ(વરાછા)ઝોનના સિવિક સેન્ટર પરથી પે-ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફ્ટ ( Surat Municipal Corporation. ના નામનો) કે રોકડ રકમથી ઓફ લાઇન બુકિંગ કરાવી શકશે. વધુ માહિતી માટે ઓફિસનો સંપર્ક કરો.(૦૨૬૧-૨૫૬૭૭૭૩)